## પ્રશ્નબેંક

## ત્રિમાસિક કસોટી : ફેબ્રુઆરી - 2026

તારીખ : ધોરણ – 6 કુલ ગુણ : 40

વાર : વિષય – ગુજરાતી સમય :

**પ્રશ્ન – 1 નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધો: (03)**

1. સામે કોના આગળા ખૂલતા જણાય છે? [ ]

A. બારણાના B. આભના C. ક્ષિતિજના D. બીજકલાના

2. લેખકને આંજણી પર ચંદન લગાડવાનું કોણે કહ્યું? [ ]

A. વૃદ્ધ માસીએ B. રસોઇયાએ C. ધોબીએ D. વિધવા ફોઇએ

3. પર્યટન માટે કેટલા પૈસા જમા કરાવવાના હતા? [ ]

A. બે આના B. વીસ આના C. એક રૂપિયો D. બે રૂપિયા

**પ્રશ્ન – 2 કૌંસમાં આપેલા શબ્દોમાંથી સાચો શબ્દ પસંદ કરી, નીચેની ખાલી જગ્યાઓ પૂરો : (03)**

( રંજાડ, ચક્રાકાર, વિવેક )

1. એક પછી એક _________ પાંખડીઓ પાર કરતો અભિમન્યુ પદ્મ મધ્યે આવી પહોંચ્યો.
2. બાર જણા લઈ નીકળ્યો, કરજો કાંક _________ !
3. કોઈનોયે _________ નહિ ને ખેલવા મળે દન.

**પ્રશ્ન – 3 નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં લખો : (06)**

1. એ સરખાં-સમોવડાંને ક્યાં ભેટે છે?
2. પદ્મવ્યૂહ ભેદવાની શક્તિ કોની કોની પાસે હતી?
3. ગોળના વેપારી મુજબ આંજણી પર ગોળનો ચપકો મારવાનો ઉપાય કેવો છે?
4. મનમાં ચિંતા પેઠી ત્યારે ધૂળાએ શો વિચાર કર્યો?
5. બે રૂપિયાની વાત સાંભળી કોનું મોઢું પડી ગયું? કેમ?
6. કવિને રમવા માટે મોકળું વન શા માટે ગમે છે?

**પ્રશ્ન – 4 નીચેના પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો : ( કોઈ પણ ત્રણ ) (06)**

1. સૈન્યને પદ્મવ્યૂહમાં જોઈને ધૃષ્ટધુમ્નને શી ચિંતા થઈ?
2. લેખકે તેના કુટુંબના મિત્રને ક્યાં જઈ આવ્યાનો શો જવાબ આપ્યો?
3. ધૂળાના બાર સાથીઓ વિશે ટૂંકમાં જણાવો.
4. આનંદીના પિતા માણેકલાલે દરજીકામ શા માટે છોડી દીધું હતું?

**પ્રશ્ન – 5 નીચેના પ્રશ્નનો ઉત્તર ચાર-પાંચ વાક્યોમાં લખો: ( કોઈ પણ એક ) (03)**

1. સારથિની પીઠ થાબડતાં અભિમન્યુએ શું કહ્યું?
2. સ્ત્રી ડૉક્ટરે આનંદીને ખોવાયેલા બે રૂપિયા વિશે પૂછતાં શું કહ્યું?

**પ્રશ્ન – 6 નીચેનાં પ્રશ્નોના ઉત્તર સાત – આઠ વાક્યોમાં લખો: ( કોઈ પણ એક ) (04)**

1. આંજણી મટાડવા લેખકના પ્રયાસોની સફર વર્ણવો.
2. આનંદીનો ટૂંકમાં પરિચય લખો.

**પ્રશ્ન – 8 નીચેના શબ્દોના બે – બે સમાનાર્થી શબ્દો લખો :** **(02)**

1. પૂનમ = _______________
2. ઘેરાવો = _______________

**પ્રશ્ન – 9 નીચેના શબ્દોની જોડણી સુધારીને લખો :** **(02)**

1. પરીણામ = _______________
2. વાણીયો = _______________
3. ઇસ્પીતાલ = _______________
4. આંબાવાડીઉં = _______________

**પ્રશ્ન – 10 નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો :** **(02)**

1. ઢૂંકડી X _______________
2. ઉપાય X _______________
3. હરખ X _______________
4. મોકળું X _______________

**પ્રશ્ન – 11 નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો :** **(02)**

1. સાડલાનો લટકતો છેડો = _______________
2. તુલસીનું પ્રાચીન વન = _______________

**પ્રશ્ન – 12 નીચેના વર્ણસામ્ય ધરાવતા શબ્દોના અર્થ લખો :** **(02)**

1. ચિતા – ચિંતા
   - ચિતા – _______________________________
   - ચિંતા – _______________________________
2. ગોળ – ગૉળ
   - ગોળ – _______________________________
   - ગૉળ – _______________________________

**પ્રશ્ન – 13 નીચેના શબ્દોને શબ્દકોશની કક્કવારીના ક્રમમાં ગોઠવો :** **(02)**

1. સાથી, દિલ, બાર, ઝાડી
2. વન, પોર, પેખવું, પાંદડું

**પ્રશ્ન – 14 નીચેના રૂઢિપ્રયોગના અર્થ આપી, વાક્યપ્રયોગ કરો :** **(03)**

1. વહારે ધાવું – _______________________________

   વાક્ય : _____________________________________________________

2. પૂળો મૂકવો – _______________________________

   વાક્ય : _____________________________________________________

3. અથથી ઇતિ સુધી – _______________________________

   વાક્ય : _____________________________________________________

**BEST OF LUCK**